# ૨. ફરી આવો ફોરેન

## તારક મહેતા

હાસ્યલેખક તરીકે અનન્ય સ્થાન ધરાવનાર તારક જનુભાઈ મહેતાનો જન્મ ૨૬ ડિસેમ્બર, ૧૯૨૯ના રોજ અમદાવાદમાં થયો હતો. એમ.એ. સુધીનું શિક્ષણ લીધા બાદ ગુજરાતી નાટ્યમંડળના કાર્યાલયમાં કાર્યકારી મંત્રી રહ્યા. ઘણાં વર્ષો ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ફિલ્મ્સ-ડિવિઝન, મુંબઈમાં વૃત્તાંત લેખક અને ગેઝેટેડ અધિકારી તરીકે કાર્યરત રહ્યા હતા.

તારકભાઈએ ત્રિઅંકી નાટકો, એકાંકી સંગ્રહ, 'તારક મહેતાનો ટપુડો', 'દોઢડાહ્યા તારક મહેતા'... વગેરે પુસ્તકો આપ્યાં છે. ગુજરાતી સામયિકમાં ધારાવાહિક રૂપે છપાયેલા હાસ્યલેખો 'તારક મહેતાના ઊંધા ચશ્મા' પરથી હિન્દીમાં પ્રસારિત થતી ટી.વી.સિરિયલ ખૂબ જ લોકપ્રિય બની છે. તેમણે 'એક્શન રિપ્લે' નામે આત્મકથા લખી છે. ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી સાહિત્ય ગૌરવ પુરસ્કાર તથા રમણલાલ નીલકંઠ હાસ્ય પારિતોષિક દ્વારા તારકભાઈને સન્માનવામાં આવ્યા હતા. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પદ્મશ્રી એવૉર્ડથી પણ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧ માર્ચ ૨૦૧૭ના રોજ અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

અત્યંત હળવી શૈલીમાં લખાયેલી આ કૃતિમાં લેખકે આપણા હૃદયમાં રહેલી છૂપી ભાવનાને વ્યક્ત કરીને સામાજિક દરજ્જામાં કે પોતાના સ્ટેટસમાં પડતા ફરક ઉપર હળવો કટાક્ષ વ્યક્ત કર્યો છે.

હવા ખાવાના નજીકના સ્થળે બંગલો ધરાવતાં લોકો ઉનાળામાં ત્યાં જ જઈને રહે. તો વળી કેટલાંક લોકો દૂર સુધી પણ હવા ખાવાના નિમિત્તે ઉનાળામાં જઈ સમાજમાં વટ પાડતા જોવા મળે છે.

પરિવર્તન સંસારનો નિયમ છે તે ન્યાયે ફરવા જવાના ટ્રેન્ડમાં પણ પરિવર્તન આવ્યું છે. તેના તરફ અંગુલિનિર્દેશ કરતાં લેખકે હવે વિદેશમાં ફરવા જવાની વાત કરી છે.

વિદેશમાં ફરવા જવાથી થતા ફાયદાઓ જણાવી તેમાં થતો વધારાનો ખર્ચ સરભર કરવાના ઉપાયો પણ જણાવ્યા છે. મજાની વાત તો એ છે કે આ બધા પાછળ રહેલા દંભને વ્યક્ત કરવા લેખકે પરોક્ષ રીતે કટાક્ષનો સહારો લીધો છે તેને આપણે સમજવાનો છે.

માણસે એક વાર પરદેશ તો ફરી આવવું જ જોઈએ. તેનાથી તમારા સ્ટેટસમાં, તમારા સામાજિક દરજ્જામાં ઘણો ફરક પડી જશે. અગાઉની વાત જુદી છે. ત્યારે માણસો ગર્વથી કહેતા :

''અમારે તો માથેરાનમાં કે મહાબળેશ્વરમાં કે લોનાવલામાં બંગલો છે. અમે તો કાયમ ઉનાળામાં જઈને રહીએ છીએ.'' ''તમારા ભાઈને તો ઉનાળામાં બોમ્બેની ગરમી બિલકુલ નો ખમાય, એપ્રિલમાં છોકરાની પરીક્ષા પતી નથી કે ઈ કહેશે હાલો, આબુ જઈએ, હાલો મસૂરી જઈએ, હાલો...'' ''અમારે તો દર ઉનાળામાં પૂનામાં સેનિટોરિયમ બુક કરાવી જ રાખ્યું હોય છે...''

તે પછી ઑક્ટોબર-નવેમ્બરમાં હવા ખાવા જવાની ફેશન શરૂ થઈ પણ જ્યારથી કન્ડક્ટેડ ટૂરોની ઈન્ડસ્ટ્રી ચાલુ થઈ છે ત્યારથી આ દેશમાં હવા ખાવા જવાનું કંઈ મહત્ત્વ જ રહ્યું નથી. તેમાં મોટામાં મોટી તકલીફ એક જ, હજારો રૂપિયા ખર્ચીને તમે આખા ફેમિલીને પંદર-વીસ દિવસ છેક કાશ્મીર ફેરવી આવો પણ તમારો સમાજમાં કશો વટ પડતો નથી. ૩૫ વર્ષ પહેલાં કાશ્મીર જનારા માણસો કાશ્મીર જતા પહેલાં એક મહિનાથી પોતાના પ્રોગ્રામનો પ્રચાર કરી શકતા હતા. ઓળખીતા-પાળખીતા, લાગતા-વળગતા પણ પ્રભાવિત થઈને ચારેબાજુ કહેતા, 'ફલાણાભાઈ આ વર્ષે કાશ્મીર જવાના છે.' કાશ્મીર જઈને આવેલા માણસો પણ બે-ચાર મહિના સુધી લાગલગાટ કાશ્મીરની વાત કરી શકતા હતા. દિવસમાં દોઢસો વાર બોલતા, 'કાશ્મીર એટલે સાલું કાશ્મીર ! ઓહોહોહો !' 'કાશ્મીરમાં આવો ઉકળાટ નહીં. ચોવીસ કલાક બસ ઠંડક. ગમે તેટલું હરો-ફરો, ચાલ્યા કરો પણ થાકનું નામનિશાન નહીં. સવાર-બપોર-સાંજ બસ તાજાં ફ્રૂટ ખાવ અને મજા કરો... ભૂખ પણ તમને એટલી જ લાગે.

આજે તો તમે દિવાળી કરવા જાવ અને તમે વેપારી હો અને એકાદ-બે ધંધાનાં બીલ ચૂકવ્યા વગર કાશ્મીર ચાલ્યા ગયા હો અને ત્યાં તમારા લેણદાર ભેટી જાય તો એ ટકોર કર્યા વગર ના રહે, 'ફલાણાભાઈ, મુંબઈમાં તો કહેતા હતા તમારો હાથ ભીડમાં છે અને અહીં તો તમે આખા ભીડમાં છો. કાશ્મીર આવવાના પૈસા છે, પણ અમને ચૂકવવાના નથી.'

મુંબઈના જે સાખપાડોશીથી તમે બોર થઈ ગયા હો, કંટાળી-ત્રાસી ગયા હો એ જ માણસ શ્રીનગરની એક હોટલમાં તમારી જ બાજુમાં સાખપાડોશી રૂપે ભેટી જાય ત્યારે તમારી શું હાલત થાય? મુંબઈમાં તમને એણે વારંવાર કહ્યું હોય - કાશ્મીર જવાના હો ત્યારે કહેજો, સાથે જઈશું, મજા આવશે. તમે તમારાં ઘરનાંઓને કડક સૂચના આપી હોય કે એ ચીટકુને ખબર ના પડવી જોઈએ કે આપણે કાશ્મીર જવાના છીએ, નહીં તો એ આપણને ચીટકી પડશે અને આપણું લોહી પી જશે. બધી જ ચોકસાઈ સાથે તમે મુંબઈમાં એને કહીને નીકળ્યા હો કે અમે તો થોડા દિવસ મહેમદાવાદ કે માંડવી જઈએ છીએ અને પછી એ માણસ ત્યાં તમારા બાજુના રૂમમાંથી ફૂટી નીકળે. તમને જોઈને હરખથી કથક નૃત્ય કરવા માંડે ત્યારે તમારી શું હાલત થાય? એનાં છોકરાંઓ તમારા ખોળામાં બેસીને તમારા નાક પરથી ચશ્માં, ખીસ્સામાંથી બોલપેન ખેંચવા માંડે, કાશ્મીરમાં પરોઠા ના ખાવા પડે તે માટે તમે મુંબઈથી ખાસ થેપલાં લઈ ગયા હો તે તમારો પાડોશી ઝાપટવા માંડે અને તમારા પડછાયાની જેમ તમને ચોંટી પડે.

તમને અંદરખાને એટલો ઉત્સાહ હોય કે મુંબઈ જઈશું ત્યારે છ મહિના સુધી જેને ને તેને સંભળાવીશું, કાશ્મીર એટલે કાશ્મીર, પણ એ સાંભળીને લોકો પહેલાંની જેમ અંજાઈ જશે એવી આશા રાખવી નકામી છે. હવે તો તમે સામા માણસને આંજી દેવા જ્યાં કાશ્મીરની વાત ચાલુ કરો ત્યાં તો સામો માણસ તરત જ વાત ઉપર કાતર મારશે, 'સાહેબ, હવે પહેલાંનું કાશ્મીર રહ્યું છે જ ક્યાં?'

''આવું બધું તો ઘણું બને. અમે ફલાણી સાલમાં ગયેલા અને જે મજા આવેલી ! ઓ હો હો હો ! અને ગઈ સાલ ગયા તો, સાલું, તદ્દન ડર્ટી... બિલકુલ ઉકરડો... જ્યાં જાવ ત્યાં ગિર્દી... કાશ્મીર કરતાં તો આપણું બોમ્બે સારું... કાશ્મીરમાં ગઈ સાલ અમારા તો પૈસા પડી ગયા, ત્યારથી નક્કી કર્યું છે. કાંદીવલીના કોઈ સેનિટોરિયમમાં મહિનો-માસ રહેવું સારું... બાકી કાશ્મીર નહીં... !

હવે આવું બધું થાય છે તેથી મારી તો સલાહ છે, એકવાર પરદેશ જઈ પડવું. હા, ખર્ચો થાય, પણ પછી તમને આખી જિંદગી વાત કરવાનો વિષય મળી જાય. કોઈ પણ જરા મુંબઈની બસ કે ટ્રેનની વાત કરે કે તરત જ



તમે શરૂ થઈ જાવ : 'અરે સાહેબ! ટ્રેનો તો લંડનની. અંડરગ્રાઉન્ડ. આ આપણી ખટાખટ ટ્રેનો નહીં. એ તો તમને અડીને પસાર થઈ જાય તો યે તમને ખબર ન પડે. અને વળી, કોઈ જાતની પડાપડી-ધક્કામુક્કી નહીં. સ્ટેશન આવે કે ઓટોમેટિક ડોર ખૂલે ને ઓટોમેટિક વસાઈ જાય. કોઈ રીતનું લટકાલટકી નહીં, બૂમાબૂમ, મારામારી કંઈ નહીં. આપણે ત્યાં તો ઘણીવાર ગાડીમાં જગા ખાલી હોય તો ય લોકો બહાર લટકતા હોય છે. અને અહીં તો રેલવેના પુલો ઓળંગવામાં ટાંટીયા ટેં થઈ જાય છે. ત્યાં તો તમારે એ પંચાત નહીં, તમે પગથિયા પર ઊભા રહી જાવ. પગથિયું ઓટોમેટિક ઉપર જાય, નીચે આવે. એ ઓટોમેટિક સીડીને એસ્કેલેટર કહે છે. ત્યાં તો મોટા મોટા સ્ટોરમાં એસ્કેલેટર હોય છે. દાદરા ઊતરવા-ચઢવાની ઝંઝટ નહીં. લાઈફ તો, સાહેબ, એ લોકો જીવે છે.' (હવે આપણાં દેશમાં પણ કેટલાક સ્ટેશને અને દુકાનોમાં એસ્કેલેટર હોય છે.) તમે બોલતા હો ત્યાં તમારાં પત્ની જોડાય : 'ઓલી વાત કરો ને?' 'કઈ વાત?' 'ત્યાં આપણે ઓલ્યા બરફવાળા દેશમાં ગ્યા'તા ને ઓલ્યા તાર હારે લટકતા ડબામાં બેહીને છેક ટોચ પર પહોંચેલાં...'

'તું સ્વિટ્ઝરલેન્ડની વાત કરે છે. અરે, એની શું વાત કરવી! વાત કરવાથી કોઈને ખ્યાલ ના આવે. તું કેબલ કારની વાત કરે છે ને ! શિખરો વચ્ચે તારનાં દોરડાં બાંધ્યાં છે. એ દોરડા પર રેલવેના નાના ડબા જેવો ડબો લટકતો હોય અને એ ડબો સરકતો એક શિખરેથી બીજે શિખરે એમ છેક ટોપ પર જાય. હવામાં લટકતા એ ડબામાંથી તમને બરફનાં કોતરો, ખીણો દેખાય... સાહેબ, તમારું મગજ કામ ના કરે. આ તમારા કાશ્મીરમાં તો બસોમાં ફરી ફરીને

તમને હડદોલા લાગે. આ તો સાહેબ, રમકડા જેવી ટ્રેન, જોતાજોતામાં સીધા પહાડ ચઢે અને ત્યાંથી તમે આ કેબલ કારમાં એક પછી એક શિખરે પહોંચો. ત્યાં બે કલાકમાં જે જોવા મળે તેટલું અહીં જોતાં તમારા પંદર દિવસનો કચરો થઈ જાય.' પરદેશની આવી બધી વાતો કરવાનો મોટો ફાયદો એ છે કે એમાં ખોટા પડવાનો સંભવ હોતો નથી. કદાચ ત્યાં ફરી આવેલો માણસ તમને મળી જાય તો યે મોટેભાગે એ પણ તમારી જેમ જ અલપ-ઝલપ જ ફરી આવ્યો હોય. તમને ખોટા ઠરાવવા જેટલી એની પણ જાણકારી ના હોય. આ તો સ્વાનુભવની જ વાત છે. હું યુરોપ ફરી આવ્યો તે પછી સમાજમાં મારું માન વધી ગયું છે.

અમારા લેખક મિત્રો પણ બે મહિના ફૉરેનમાં ફરી આવીને બે વર્ષ સુધી એ વિશે લેખો લખ્યા જ કરે છે. કરાંચીમાં ફલાણી જગાએ ફલાણી વાનગી ખાધેલી તેના ઉપર લેખક ત્રણ કોલમ ભરી શકે છે. અહીં તમને કોઈ તાજ કે ઓબેરોયમાં પીવડાવવા-ખવડાવવામાં હજારેક રૂપિયાનું પાણી કરી નાખે અને તમે ગદ્ગદ્ થઈને એ ભાઈ વિશે એક લેખ લખો તો એ પબ્લિસિટીમાં ગણાઈ જાય. તંત્રીઓ છાપે નહીં. પણ ફૉરેનમાં તમને કોઈ બોલપેન આપે અને એકાદ ખૂણેખાંચરે પીત્ઝા કે એવું કંઈ ખવડાવી દે તો એ ભાઈ આપબળે અમેરિકા, ઈંગ્લૅન્ડ, કેનેડા કે પાકિસ્તાનમાં કેવી રીતે આગળ આવ્યા તેનો લાંબોચોડો હેવાલ બેધડક છપાવી શકો છો. લેખક પોતે પરદેશમાં પણ કેટલો પોપ્યુલર છે તે આ રીતે જ દર્શાવી શકાય છે. કેટલાક લેખકો તો ખુલ્લેછોગ જ્યાં જ્યાં ગયા ત્યાં લોકો કેટલા ઉમળકાથી ભેટતા હતા, એમની નવલકથાનાં પાત્રો વિશે પ્રશ્નો કરતા હતા, ચાહકો પરાણે પોતાને ઢસડી જઈ કેવી કેવી વાનગીઓ ખવડાવતા હતા એ બધું સવિસ્તર લખી શકે છે. કોણ બધું જોવા જાય છે ! આવો જ લાભ સામાન્ય માણસને પણ થતો જ હોય છે. ખર્ચો કરીને પંદર દિવસની ટૂરમાં જઈ આવવાનું. ખમતીધર માણસ હો તો ફેન્સી ચીજો ખરીદી લાવવાની. ઘણા એવી ચીજો વેચીને પોતાના પ્રવાસના સારા એવા ખર્ચા પણ કાઢી લેતા હોય છે. ઉપરથી અહીં આવ્યા પછી તમારાં માનપાન વધી જાય, વાતોનો વિષય મળી જાય.

હું તો કહું છું થોડા દિવસ ફૉરેનમાં ફરી આવો, ઘણો ફરક પડશે.

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં વિદ્યાર્થીઓને ગમતી ટીવી સિરિયલો વિશે ચર્ચા કરી શકાય. તારક મહેતાના ઉલ્ટા ચશ્મા બાબત વિસ્તૃત ચર્ચા કરી શકાય. ગંભીર બાબતને હળવી શૈલીમાં વ્યક્ત કરવાના લેખકના પ્રયત્નને બીરદાવીને કૃતિમાં રહેલા કટાક્ષને સરળ ભાષામાં સમજાવી શકાય.

સામાજિક સ્ટેટસને ઊંચું બતાવવાનો દંભ ટાળવાનો પ્રયત્ન કરી વાસ્તવિકતાને અપનાવવાની પ્રેરણા આપી શકાય. વિદ્યાર્થીઓએ જોયેલા દેશનાં ગિરિમથકો, ફરવાનાં સ્થળો કે વિદેશપ્રવાસના માણેલા આનંદ બાબત ચર્ચા કરી શકાય.

શ્રીમંત વર્ગ, ઉચ્ચ-મધ્યમ વર્ગ, મધ્યમ વર્ગ, નિમ્ન વર્ગ એ દરેક લોકોમાં આજે ફરવાનો વધી ગયેલો જે શોખ જોવા મળે છે, તેના વિશે પણ ચર્ચા કરી શકાય.

**સ. ૧.** નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :

(૧) અભિમાન (૨) સધ્ધર (૩) સતત (૪) આનંદ
(૫) હડસેલો (૬) તંગી (૭) રક્ત (૮) ભીડ


**સ. ૨.** નીચેના રૂઢિપ્રયોગ વાપરીને વાક્યો બનાવો :

(૧) પ્રચાર કરવો (૨) અંજાઈ જવું (૩) પૈસા પડી જવા
(૪) ગદ્ગદ્ થઈ જવું (૫) હાથ ભીડમાં હોવો

**સ. ૩.** પાઠમાં આવતા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો. તેના ગુજરાતી અર્થ લખો. જરૂર પડે તો શબ્દકોશનો ઉપયોગ કરો :

**સ. ૪.** આગળ અને પાછળ 'જીવન' લગાવીને પાંચ-પાંચ શબ્દો બનાવો :

દા.ત. <u>ગૃહ</u>જીવન દા.ત. જીવન<u>નૌકા</u>




**સ. ૫.** યોગ્ય રીતે જોડો :

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) સ્વદેશ | (અ) ગેરફાયદો |
| (૨) ખરીદી | (આ) ટૂંકો |
| (૩) મિત્ર | (ઇ) વિદેશ |
| (૪) ફાયદો | (ઈ) વેચાણ |
| (૫) લાંબો | (ઉ) શત્રુ |

**સ. ૬.** 'મ' વર્ણાક્ષર પરથી સ્થળ કે શહેરનાં નામ પાઠમાંથી શોધીને તેને વર્ણાક્ષરના ક્રમ પ્રમાણે ગોઠવો.

**સ. ૭.** યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :

(૧) વાંચનારને હવે કચ્છ કરતાં ________________ વધારે રસ છે.
(અ) કેનેડામાં (આ) કાશ્મીરમાં (ઇ) કેરળમાં

(૨) તમારા ભાઈને તો ઉનાળામાં ________________ ગરમી બિલકુલ નો ખમાય.
(અ) બૉમ્બેની (આ) મુંબઈની (ઇ) મહેમદાવાદની

(૩) અમારે તો દર ઉનાળામાં ________________ માં સેનિટોરિયમ બુક કરાવી જ રાખી હોય.

(અ) નાસિક (આ) પંચગીની (ઇ) પૂના

(૪) લેખક બે મહિના ________________ ફરી આવે તો બે વર્ષ સુધી લેખો લખ્યા કરે.

(અ) ફૉરેન (આ) વિદેશ (ઇ) પરદેશ

**સ. ૮. પાઠ કાળજીપૂર્વક વાંચીને લખો :**

(૧) હવા ખાવા જવાની ફેશન શરૂ થઈ છે તે મહિના

(૨) બરફવાળો દેશ

(૩) પગથિયું ઓટોમેટિક ઉપર જાય તેવી સીડી

(૪) મુંબઈ નજીકના બે હવાખાવાનાં સ્થળો

**સ. ૯. પાઠના આધારે લખો :**

(૧) કાશ્મીરની વિશેષતા

(૨) પરદેશ ફરવા જવાના ફાયદા

(૩) લંડનની અંડરગ્રાઉન્ડ ટ્રેનોની વિશેષતા

(૪) કેબલ કારની વિશેષતા

**સ. ૧૦. કારણ લખો :**

(૧) આપણા દેશમાં હવા ખાવા જવાનું કંઈ જ મહત્ત્વ રહ્યું નથી કારણ કે...

(૨) લેખકને આપણા દેશ વિશે લખવા જેવું કંઈ લાગતું નથી કારણ કે...

**સ. ૧૧. મુંબઈની લોકલગાડીની મુસાફરીનો તમને થયેલો અનુભવ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૨. સંધિ જોડો :**

(૧) દેવ + આનંદ (૨) દેવ + ઈન્દ્ર (૩) કવિ + ઈશ્વર (૪) મહા + આત્મા

(૫) મહા + ઈશ (૬) સ્વ + અધ્યાય (૭) ગિરિ + ઈશ (૮) સૂર્ય + ઉદય

**સ. ૧૩. નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખો :**

(૧) ''સાહેબ, હવે પહેલાનું કાશ્મીર રહ્યું છે જ ક્યાં?''

(૨) ''જાઓ. દરવાજો બંધ કરો.''

(૩) ''તું કેબલ કારની વાત કરે છે ને !''

(૪) આ તો સ્વાનુભવની જ વાત છે.

★ **પાઠમાં ભલે કટાક્ષરૂપે કાશ્મીરની વાતો થઈ છે, પણ 'કાશ્મીર : ભારતનું સ્વર્ગ' – આ વિશે આજના સંદર્ભે કાશ્મીરની ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ **હવાખાવાના કોઈપણ એક સ્થળ વિશેની માહિતી અને ચિત્રો ભેગા કરીને એક સુંદર પ્રકલ્પ તૈયાર કરો.**

## લેખન કૌશલ્ય

★ **'મારો યાદગાર પ્રવાસ' વિષય ઉપર ૮૦ થી ૧૦૦ શબ્દોમાં નિબંધ લખો.**

## વિશેષ વાંચન

### પ્રત્યેક કાર્યને તમારા પડછાયાથી દૂર રાખો

મહાન કલાકાર માઈકલ એંજેલો પોતાની કલાકૃતિના નિર્માણ દરમિયાન પોતાના મસ્તક પરની ટોપી ઉપર એક પ્રકાશિત મીણબત્તી રાખતો. જેથી પોતાનો પડછાયો ઉપયોગમાં લેવાતા આરસપાણ કે કેનવાસ પર પડે નહીં. પોતાના 'પડછાયા'થી પોતાની કૃતિને મુક્ત રાખવાનો તે નમ્ર પ્રયાસ કરતો.

માઈકલના આ કાર્યમાં જીવનનો કેટલો મોટો સંદેશ છુપાયેલો છે. પ્રત્યેક કાર્યને તમારા 'પડછાયા'થી દૂર રાખો.

આપણાં આયોજનો, આપણા કાર્યક્રમો, આપણી સેવાઓ, આપણી સત્તાઓ, આપણા પડછાયાથી દૂર રહી શકે છે ખરી?

આપણાં કાર્યો આપણી મહત્ત્વકાંક્ષાઓનો વિજયધ્વજ આગળ લઈને ચાલતાં હોય છે. આપણી સેવાપ્રવૃત્તિઓ આપણા ઉત્કર્ષની નિસરણીનું જ કાર્ય કરતી હોય છે. આખરે તો માણસ ઈશ્વરને વ્યક્ત થવાનું માધ્યમ જ છે ને ! એની અભિવ્યક્તિ એટલે નિઃસ્વાર્થ પ્રેમ, લાગણી અને સેવાનો સમર્પણલક્ષી આયાસ.

સ્વાર્થભક્તિ આપણી માનવીય મર્યાદાઓને થાબડે છે અને નિઃસ્વાર્થતા આપણને માનવ-મર્યાદાઓથી મુક્ત બનાવે છે. આત્મચાહના વગર માણસ સેવાયાત્રી બનવા માટે સંકોચ અનુભવે એ આત્મઘડતરની અધૂરપ જ કહેવાય. પ્રીતિપાત્ર બનવું એટલે આત્મા અને મનથી સુંદર બનવું અને આત્મા તથા મનથી સુંદર બનવું એટલે મનમાં રહેલાં સ્વાર્થનાં કોટડાં જમીનદોસ્ત કરવાં.

સ્વાર્થજન્ય મર્યાદાઓને ફગાવી દેવાની ખુમારી જ સાચા મનુષ્યત્વની જન્મભૂમિ બની શકે.

નિઃસ્વાર્થતા એટલે અન્યની સંતુષ્ટિમાં ભાગીદાર બનવું. આત્મતુષ્ટિ માટે આપણે અભિનંદનોની વર્ષાને આવકારીએ છે. સત્કારનાં હાલરડાં મરક-મરક માણીએ છીએ, પુરસ્કારોની લહાણી માટે વલખીએ છીએ, પ્રશસ્તિના શબ્દો માટે તડપીએ છીએ, કારણ કે જગત સાથે આપણો વ્યવહાર આપ-લે નો છે એવું ગણિત આપણે આપણા મનને સમજાવી દીધું છે. તેથી આપણે આપવા કરતાં લેવામાં રાચીએ છીએ.

આપણી ટેવો-કુટેવો પણ આખરે શું છે? આપણી સ્વાર્થપ્રેરિત સ્વાર્થરત યુક્તિ-પ્રયુક્તિઓનું કેન્દ્રીકરણ માત્ર !

આપણે જગતને કેટલું દાન કર્યું, એના પરથી આપણી દાનશીલતાનું માપ નથી નીકળતું, પરંતુ શું અને કેવી રીતે આપ્યું. તેના પરથી નીકળે છે. બીજાના પડખાનું માંસ કાપીને પોતાને શિબિરાજા કહેવડાવતા દાનવીરોની આ સમાજમાં ખોટ નથી !

દાનીના પડછાયા વગરનું દાન અને સત્કારકર્તાના પડછાયા વગરનું માન જ્યારે સમાજમાં પ્રતિષ્ઠિત થશે, ત્યારે સમાજમાં 'આપ્યા'ની ફોરમ પ્રગટશે ! દાનભૂખ્યા ને માનભૂખ્યા ભિક્ષુકોનો વસ્તીવિસ્ફોટ સામાજિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ ચિંતાનો વિષય છે.

– ડૉ. ચંદ્રકાંત મહેતા

7EZVJ2

ઇચ્છા પર વિચારનું શાસન હોવું જોઈએ.